

મુવી ટાઈમ

# સાંઇ કશુંક ખાસ કરવા રેડી

સાંઇ માંજરેકરે જયારે 'દબંગ-3'મા કામ કરેલું ત્યારે તો ધારતી હતી કે હવે એવરેસ્ટના ચડાણ હેલિકોપ્ટરથી કરી લેશે ને ટોચ પર પહોંચી જશે. મહેશ માંજરેકર જેવા દિગ્દર્શક-અભિનેતાની દિકરી એટલે તે એવા સપના જોઇ શકે તેમ હતી પણ વાસ્તવિકતા કાંઇ સહેલી નથી હોતી. એ પહેલી ફિલ્મ પછી તે જો કે મોટા સ્ટારવાળી ફિલ્મનો ભાગ જરૂર બની પણ તે મુંબઈની નહીં સાઉથની ફિલ્મો હતી. 'ધાની'માં તે વરુણ તેજ અને જગપતિ બાબુ સાથે હતી તો 'મેજર'માં અદિવી શેષ સાથે હતી. એ ફિલ્મ તો ચાલી પણ બહુ હતી. ગયા વર્ષે તે 'સ્કંદા'માં આવેલી અને પછી 'એનકે આર 21'માં આવેલી અને પછી 'એનકે આર 21માં અર્જૂન રામપાલ અને નંદામુરી કલ્યાણ રામ સાથે હતી. પણ હિન્દી ફિલ્મો તેની પાસે બહુ આવતી નથી અને મૂળ તે મરાઠી છે છતાં મરાઠીમાં કામ કરવું નથી. આ વર્ષે હિન્દી ફિલ્મ 'કુછ ખટ્ટા હો જાયે'માં તે આવી હતી પણ તેનાથી તેનું મોઢુ મીઠું થયું નથી. હવે 'ઔરોમેં કહાં થા દમ'માં દમ દેખાડવાનો મોકો મળ્યો છે. અજય દેવગણ, તબુ છે અને નીરજ પાંડેનું દિગ્દર્શન છે એટલે આ વખતે સાંઈનો કોન્ફિડન્ટ પણ વધારે છે. તેલુગુ ફિલ્મોમાં સફળ જવું તેનું લક્ષય નથી બલ્કે કામ છે. તે માને છે કે ફિલ્મોમાં કામ કરવું જ લક્ષય છે તો ભાષા કોઈ પણ હશે તે ચાલી શકે. સાઉથની ફિલ્મો મુંબઈની ફિલ્મોથી જૂદી રીતે બને છે અને એ ફિલ્મો હિન્દીમાં પણ રજૂ થતી હોય તો આખર હિન્દીના પ્રેક્ષકો પાસે પણ રહેવાય તો છે. મહેશ માંજરેકર હવે સાંઈ માટે ફિલ્મ નથી બનાવતા એ ખરું પણ સાંઈની પ્રથમ ફિલ્મ તેના પિતાની 'કાકપુરુષ' જ હતી પણ પછી પિતાની ફિલ્મોમાં તક નથી મળી. સાંઈ કહે છે કે મારે મારી રીતે આગળ વધવું એવો પિતાનો આગ્રહ છે અને એટલે મારો માર્ગ જૂદો છે. 'ઔરો મેં કહાં દમ થા'ને તે એક ખાસ ફિલ્મ છે અને આ ફિલ્મમાં કામ કરવાનો મારો અનુભવ પણ બહુ ખાસ છે. નીરજ પાંડેના દિગ્દર્શનમાં કામ કરવાથી મારી પ્રતિભાને પણ ફાયદો થયો છે. અજય દેવગણ તબુને કામ કરતા જોવાનો અનુભવ પણ એવો જ ઈન્ટ્રેસ્ટિંગ છે. ●

> **અજય દેવગણ, તબુ છે અને નીરજ પાંડેનું દિગ્દર્શન છે એટલે આ વખતે સાંઇનો કોન્ફિડન્ટ પણ વધારે છે. તેલુગુ ફિલ્મોમાં સફળ જવું તેનું લક્ષ્ય નથી બલ્કે કામ છે**



# અફઘાની એક્ટર ફાહિમ ફઝલી 'ખાન' દાનને ટક્કર આપશે?

પાકિસ્તાનનાં અભિનેતા-અભિનેત્રી હિન્દી ફિલ્મોમાં કામ કરવાની પ્રબળ લાલસા ધરાવતાં હોય છે પણ તેમને કામ કરવાની તક મળવી મુશ્કેલ છે પણ અફઘાનિસ્તાનનાં ફાહીમ ફઝલીને કામ મળી જાય છે. અફઘાનિસ્તાનના આતંકવાદીઓએ વિત્યા ત્રણ દાયકામાં ભારત સહિતના દેશોને ધ્રુજાવ્યા છે. તાલીબાનો યાદ આવે એક સમયના 'એ મેરે પ્યારે વતન તુઝ પે દિલ કુરબાન' ગાનાર કાબુલનો પઠાણ ભૂલી જવો પડે. ફાહીમ ફઝલી અફઘાની છે એટલે ભારતમાં જયારે અફઘાનીસ્તાન સાથે જોડાયેલી આઘાતક ઘટનાવાળી ફિલ્મ બને એટલે કામ મળી જાય. ફાહીમે 'પાનીપત' ફિલ્મમાં શા બરીકોઝીની ભૂમિકા ભજવેલી અને 'તોડબાજ'માં માજેદ નામનો તાલીબાન કમાંડર હતો. અક્ષયકુમાર અભિનીત 'સેલ્ફી'માં મુસ્તુફા તો 'કંદહાર'માં ફરી તાલીબાન કમાંડરની ભૂમિકામાં હતા. 'ઓએમજી-2'માં તેને કહાન બાબાની અને પછી 'જવાન અને 'એનિમલ'માં તે જોવા મળ્યો. શાહરૂખ ખાનનો તે ફેવરિટ બની ગયો છે એટલે આવી રહેલી 'કિંગ'માં તે અનવર તરીકે આવશે. સૈફ અલી ખાન સાથેની 'ગો ગોવા ગોન-2'માં તે જોવા મળશે. તેનો ચહેરો એકદમ અફઘાની છે એટલે જાણે તે તાલીબાની કમાંડર તરીકે હિન્દી જ નહીં હોલીવુડની ફિલ્મોમાં પણ વ્યસ્ત છે. 'ફ્રોમ અફઘાનીસ્તાન ટુ અમેરિકા' નામની હોલીવુડ ફિલ્મમાં તો તેના પાત્રનું નામ પણ ફાહીમ ફાઝલી જ રખાયું છે. 'અફઘાન ડ્રીમ્સ'માં તે ફરી તાલીબાન કમાંડર છે. તે કદાચ કાયમ આવાં જ પાત્રોથી ઓળખાશે.

2001ની 'કંદહાર' ફિલ્મથી તેણે શરૂઆત કરેલી અને હવે તે ફકત અભિનેતા જ નથી રહ્યો. 'ફ્રોમ અફઘાનિસ્તાન ટુ અમેરિકા' અને 'ઓનર બાઉન્ડ રોગ વોરિયર' ફિલ્મોનો એકિઝકયુટિવ નિર્માતા પણ છે. 'બ્લડ એન્ડ ફેમિલી' નામની ફિલ્મ તેણે લખી પણ છે. 30 મે 1966માં તે કાબુલમાં જન્મ્યો છે. અફઘાનિસ્તાનમાં તો ફિલ્મોમાં અભિનયની ઈચ્છા બહુ કરી ન શકાય, પણ તે અમેરિકા વસી ગયેલો એટલે અભિનયનું સ્વપ્ન સાકાર કરી શકયો. અફઘાનિસ્તાનથી ભાગી છૂટવું સહેલુ નહોતું પણ ભાગી ગયા બાદ ફરી અફઘાનિસ્તાન આવ્યો ત્યારે અમેરિકન નેવીના ઈન્ટરપ્રિટર તરીકે આવ્યો. મતલબ કે અમેરિકામાં તે રેફયુજી તરીકે આવેલો અને આજે ત્યાંનો અભિનેતા છે. હોલીવુડમાં કોઈ અફઘાનમાં જન્મેલાએ અભિનય કર્યો હોય તેવો તે પ્રથમ અભિનેતા છે. ફાહીમ હિન્દી ફિલ્મોમાં સરળતાથી ગોઠવાઈ ગયો છે કારણ કે તેને ઘણી ભાષા આવડે છે. ઘણી એટલે ઈંગ્લીશ તો ખરી જ પણ પશ્તો, દરી, ઈરાનીયન ફારસી, તાઝિક ઉપરાંત અરેબીક, સ્પેનિશ પણ બોલી જાણે છે. યુધ્ધગ્રસ્ત દેશોમાં તે પર્ફેકટ છે અને આજની ફિલ્મોમાં તાલીબાન સામેનું યુધ્ધ મહત્ત્વની વાર્તા બની ગયું છે એટલે ફાહિમની તો નિકલ પડી હૈ. તે 2004થી અમેરિકાની ટી.વી. શ્રેણીમાં કામ કરે છે અને કુલ 14 ટી.વી. શ્રેણીમાં કરી ચૂકયો છે. શરૂમાં તે 'ચાર્લી વિલ્સન્સ વોર' ફિલ્મના સલાહકાર તરીકે હતો અને ત્યાં ટોમ હેન્કસ ને જૂલિયા રોબર્ટસને મળવાનું થયું અને ફિલ્મ સાથે સંબંધ બંધાવો શરૂ થયો. ફાહીમ પોતે પણ નવાઈ પામે છે કે અમેરિકામાં તો હું નિર્વાસિત તરીકે આવેલો અને આજે હોલીવુડ નહીં બોલીવુડની ફિલ્મોમાં પણ મને સતત કામ મળે છે. તેને ભારતની ફિલ્મો વધારે નજીકની લાગે છે. હોલીવુડની ફિલ્મો તેને વધારે નામ અને વધારે દામ આપે છે તે જૂદી વાત. ફાહિમની પત્ની મિશેલ વોલ્ટર પણ અમેરિકાની છે અને ફાહિમની દીકરી સોફિયા પણ અભિનેત્રી અને વોઈસ ઓવર આર્ટિસ્ટ બની ચૂકી છે. ફાહિમ 12 વર્ષનો હતો. રશિયન લશ્કર વડે મા-બાપ, બહેનોથી અલગ પડી ગયેલો. તેની મા અફઘાન પ્રમુખ હાફીઝુલ્લાહ અમીનની રખાત બની ગઈ હતી. ફાઝિલની બે બહેનો અને ભાઈને રશીયનોએ મારી નાંખેલા, પણ હવે તેનું જગત જૂદું છે. શાહરૂખ ખાન સાથે તે ફરી કામ કરવા બાબતે પણ ઉત્સાહી છે. ●

એક્ટર્સ લાઈફ

# સલમાનની નજરે ચડેલી સુશ્રીલ પ્રેક્ષકની નજરે ચડશે



સ્ક્રિન શૉટ

એક સાવ નિષ્ફળ અભિનેતાને સફળ બનાવવાની જીદ લઈને સલમાન ખાન બેઠો છે કારણ કે તે જે છે તે સલમાનની બહેન અર્પિતા ખાનને પરણેલો છે. જો કે બીજી હકીકત એ પણ છે કે એક સમયે કેન્દ્ર સરકારમાં મંત્રી રહેલા અને ટેલિકોમ કૌંભાડમાં પાંચ વર્ષ માટે જેલમાં જઈ આવેલા સુખરામનો તે પૌત્ર પણ છે. સલમાન ખાન તેના માટે એટલે કે આયુષ શર્મા માટે પ્રયત્ન કરે તે સ્વાભાવિક છે. જો કે સલમાન અત્યાર સુધીમાં કોઈ હીરો કે હીરોઈનને સ્ટાર બનાવી શકયો નથી. પણ એક વાત તો જરૂર બને છે કે આયુષ શર્મા સાથે કોઈ નવી અભિનેત્રીને ફિલ્મમાં આવવાનો ચાન્સ મળી જાય છે. 'લવયાત્રી'માં વરીના હુસેનને ચાન્સ મળેલો. આયુષ શર્મા મહિમા મકવાણાને તક મળેલી અને હવે 'રસલાન'માં સુશ્રીલ શ્રેયા મિશ્રા આવી છે.

સુશ્રીલ શ્રેયા મિશ્રા મોડેલ તરીકે કામ કરી ચૂકી છે અને સૌંદર્ય સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે. સુશ્રીલે ક્રિમનીલ સાયકોલોજિસ્ટ બનવા માંગતી હતી પણ અભિનયમાં રસ પડયો અને તાલીમ લીધી. મોડલિંગમાં તે કિંગફીશર કેલેન્ડરમાં આવી અને તે વખતે માલ્યાનો જમાનો હતો. એ કેલેન્ડરની ચર્ચા ચારે બાજુ થતી. સુશ્રીલને પણ એવો ફાયદો થયો અને પ્રતીક બબ્બર સાથેની એક વેબસિરીઝ મળી. એ સિરીઝ પછી અભય દેઓલ સાથે 'ઝીરોમાં ભૂમિકા મળી. એ ફિલ્મ જો કે શાહરૂખ ખાન,અનુષ્કા શર્મા, કેટરીના કૈફ જેવાથી ભરેલી હતી એટલે સુશ્રીલે જે ગુંજનની ભૂમિકા કરેલી તે લોકોની નજરે ચડી. તે વળી 'મલાલ'માં મીઝાન જાફરી સાથે આવી પણ તે ય ખાસ ન ચાલી. સુશ્રીલની સ્ટ્રગલ દરેક ફિલ્મે આગળ વધતી જતી હતી અને તનુજ વિરવાણી સાથે તેણે કોર્ટલ'માં ય કામ કર્યું. તે હારી નહીં એટલે સલમાનને તેને હવે તેના બનેવીની હીરોઈન બનાવી દીધી છે.

શું સુશ્રીલ માટે 'રસલાન' કોઈ મોટી તક પુરવાર થશે? અત્યારે આ સવાલનો જવાબ આપવા જેવો નથી, પણ એટલું જરૂર કહી શકો કે આયુષ શર્મા કરતાં તે વધારે સારી પુરવાર થશે. તેને અત્યારે પહેલાં સારા દિગ્દર્શકો સાથે કામ કરવા મળ્યું છે એટલે પણ ઘડાયેલી છે. 'મલાલ'નો નિર્માતા સંજય લીલા ભણશાલી હતો અને 'ઝીરો'નો નિર્માતા શાહરૂખ ખાન હતો એટલે સારા નિર્માતાની નજરે તે ચડી ચૂકી છે. હવે સલમાનની નજરે ચડેલી સુશ્રીલ વધારે અપેક્ષા રાખશે. ●



# જગપતિબાબુ ડર પેદા કરવામાં માસ્ટર છે

સાઉથનો અભિનેતા હોવા છતાં કમલ હાસન હિન્દી ફિલ્મોમાં ઘણો સફળ રહેલો, તેનાં મુખ્ય કારણ બે હતાં. એક તો એકદમ યુવાનીમાં તે હિન્દી ફિલ્મમાં આવ્યો અને બીજી વાત કે તેની પહેલી જ હિન્દી ફિલ્મ એકદમ સફળ ગયેલી. એવું રજનીકાંતથી માંડી પ્રકાશ રાજ યા એન.ટી. રામારાવ જુનિયર સાથે નથી બન્યું. હિન્દી ફિલ્મમાં મોડા આવો તો ભૂમિકા પણ મર્યાદિત બની જાય. હીરો ન હો તો પ્રચાર પણ ઓછો થાય. જગપતિબાબુ હમણાં ફરી હિન્દી ફિલ્મમાં આવ્યો છે તેનું પણ એવું જ છે. તેણે તેનું શ્રેષ્ઠ કામ સાઉથની ફિલ્મોમાં કરી લીધું છે એટલે મહત્ત્વાકાંક્ષા પણ મર્યાદિત બચી છે અને બીજું કે તે અત્યારે 62 વર્ષનો છે.

અત્યારે તે 'રસલાન'માં આવ્યો છે. આયુષ શર્મા, વિદ્યા માલવડે સામે તે એકદમ ઘડાયેલો અને સિનિયર અભિનેતા છે. સલમાન ખાન સામે 'કિસીકા ભાઇ કિસી કા જાન'માં તે વિલન હતો. એ ફિલ્મના કારણે જ તેને 'રસલાન' મળી છે. સાઉથમાં તેની ઓળખ જગ્ગુદાદા તરીકે છે. વિલન તરીકે તે હંમેશા પ્રભાવક રહે છે એટલે જ 'પુષ્પા-2'માં પણ તે ખતરનાક વિલન તરીકે દેખાશે.

જગપતિબાબુના સાઉથ સામે હિન્દી ફિલ્મોની ચર્ચા વિશે પણ ખાસ વિચારો ધરાવે છે. એસ.એસ. રાજામૌલી માટે તેને ખાસ માન છે પણ કહે છે કે બધા કાંઇ રાજામૌલી ન બની શકે. રાજામૌલીને સાઉથની ફિલ્મોને એક નવી ઊંચાઇ આપી છે અને તેના જેવા દિગ્દર્શકને કારણે હિન્દીમાં પણ સાઉથની ફિલ્મોને સ્થાન મળી રહ્યું છે. હિન્દી ફિલ્મનું બજાર બહુ મોટું છે અને તે સર કરવું બધા માટે શકય નથી. અત્યારે 'મિસ્ટર બચ્ચન' નામની ફિલ્મમાં કામ કરી રહેલા જગપતિબાબુ 'ધ ફેમિલી મેન'ની ત્રીજી સિઝનમાં પણ દેખાશે. 'રસલાન'ની વાર્તા તેને ખૂબ ગમી છે અને માને છે કે પાવરફુલ સ્ટોરીલાઇન હોય તો જ ફિલ્મ જોવા જેવી બને છે. 'રસલાન' ફિલ્મ સ્વીકારવા પહેલાં તેણે સલમાન ખાનની સલાહ લીધી હતી. તમિલ, મલયાલમ, કન્નડ ફિલ્મોમાં કામ કરવું જૂદું છે ને હિન્દીમાં કામ કરવું જૂદું છે. 1989થી તે ફિલ્મોમાં કામ કરે છે અને તેની ફિલ્મોની સંખ્યા પોણા બસો સુધી પહોંચી ગઇ છે. રજનીકાંત સામે 'લિંગા'નો મુખ્ય વિલન જગપતિબાબુ જ હતા અને હવે 'પુષ્પા-3'માં પણ તે જ વિલન હશે. હિન્દી ફિલ્મ 'રાધેશ્યામ'માં તેણે આનંદ રાજપૂત તરીકે ખાસ ભૂમિકા ભજવેલી. 'સાલાર'ના પ્રથમ ભાગમાં તે રાજા મન્નાર તરીકે અસરદાર ભૂમિકામાં દેખાયેલો. જગપતિબાબુની હિન્દીમાં ડબ્ડ થયેલી ફિલ્મો ઘણી બધી છે. જેમાં 'જુલ્મી સિતમગર', 'તબાહી જુલ્મ કી', 'બલરામ', 'સિટીમાર' સહિતનાં નામો ગણાવી શકો. તેની ફિલ્મો નેટફિલકસ અને પ્રાઇમ પર ઈંગ્લિશ સબટાઇટલ્સ સાથે જોઇ શકાય છે. એ ફિલ્મોમાં 'શ્રીમાયૂડુ', 'ટુ ફાધર વિથ લવ', 'ગાયમ', 'અથાડે ઓકા સૈન્યમ' ખાસ છે. જગપતિબાબુ માને છે કે હવે ગમે તે ભાષામાં કામ કરો, જો ફિલ્મ સારી હશે તો તે ડબ થઇને બીજી ભાષામાં ચાલી જશે. ●

> **'સાલાર'ના પ્રથમ ભાગમાં તે રાજા મન્નાર તરીકે અસરદાર ભૂમિકામાં દેખાયેલો. જગપતિબાબુની હિન્દીમાં ડબ થયેલી ફિલ્મો ઘણી બધી છે. જેમાં 'ઝુલ્મી સિતમગર', 'તબાહી જુલ્મ કી', 'બલરામ', 'સિટીમાર' સહિતનાં નામો ગણાવી શકો**

ટોટલી સાઉથ